જમ્મુ-કાશ્મીર અને લેહલડાખના અંતરિયાળ વિસ્તારોમાં બેન્કિંગની સગવડ પૂરી પડાવા માટે જમ્મુ-કાશ્મીર મોબાઈલ બેન્કિંગ યુનિટ ઓન વ્હીલ શરુ કરવામાં આવ્યું છે. તેના લીધે અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો માટે નાણાકીય કામગીરી બજાવી શકશે.

ગ્રીસની સૌથી મોટી બોટ દુર્ઘટના

યુરોપમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રહેલા ૩૦૦ પાકિસ્તાની નાગરિકોનાં મોત

એથેન્સ, તા.૧૯

યુરોપમાં પ્રવેશ કરવાના ઉદ્દેશથી ગત બુધવારે ૭૫૦ મુસાફરોને લઈ જઈ રહેલી બોટ ગ્રીસના સમુદ્રમાં પલ્ટી ગઈ હતી. આ ઘટના બાદ ૭૮ લોકોના મૃત્યુના ખબર સામે આવ્યા હતાં. નવી માહિતી મુજબ, આ દુર્ઘટનામાં ૩૦૦થી વધારે પાકિસ્તાની રેફ્યુજીના મોત થયા છે. મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ બોટમાં પાકિસ્તાની નાગરિકો મોટી સંખ્યામાં હાજર હતાં. આ સાથે જ બોટમાં ૧૦૫ જેટલા બાળકો ફસાયા હોવાની માહિતી સામે આવી રહી છે. દુર્ઘટના બાદ કુલ ૨૯૮ જેટલા બાળકો ગુમ થઈ ગયા છે અને બોટમાં સવાર લોકોમાંથી કુલ ૫૦૦ જેટલા લોકોની કોઈ માહિતી મળી નથી.

શાહબાઝ શરીફે માનવ તસ્કરી રેકેટમાં સામેલ આરોપીઓ સામે પગલા લેવાનું કહેતા પીઓકેમાંથી ૧૦ની ધરપકડ કરાઈ

ગ્રીસના સમુદ્રમાં થયેલી બોટ દુર્ઘટનાએ પાકિસ્તાનમાં મોટાપાયે ચાલતા માનવ તસ્કરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. અહીં, ગ્રીક દરિયા કિનારે અનેક સ્થળાંતર કરનારાઓ ડૂબી જવાની આશંકા વ્યક્ત કર્યાના થોડા દિવસો બાદ પાકિસ્તાન સરકારે રવિવારે ૧૦ કથિત માનવ તસ્કરોની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે, હજારો પાકિસ્તાની યુવાનો વધુ સારા જીવનશૈલીની શોધમાં ગેરકાયદેસર રીતે યુરોપમાં પ્રવેશવાનો પ્રયાસ કરીને જોખમી મુસાફરી કરે છે. પાકિસ્તાની સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર, બુધવારે ગ્રીસના પેલોપોનીસ દ્વીપકલ્પ નજીક એક કાટવાળું ટ્રોલર ડૂબી જતાં ૩૦૦ જેટલા પાકિસ્તાનીઓના મોત થયા હતા.આ મામલે ૧૦ આરોપીઓની પાકિસ્તાન પ્રશાસિત કાશ્મીરમાં અટકાયત કરવામાં આવી હતી. બીજી તરફ, મોટાભાગના પીડિતો પાકિસ્તાનના ગુજરાત શહેરના વતની હોવાનું સામે આવી રહ્યું છે. આ શહેરનો ઉપયોગ ઘણા લાંબા સમયથી સ્થળાંતર કરનારાઓ માટે સ્ટ્રિંગબોર્ડ તરીકે કરવામાં આવી રહ્યો છે.

આ દુર્ઘટના બાદ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે માનવ તસ્કરીના રેકેટમાં સામેલ આરોપીઓ સામે અભિયાન ચલાવવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાનમાં સોમવારે રાજકીય શોક પાળવામાં આવ્યો હતો. રાજકીય ઉથલપાથલ અને પતનની આરે આવેલી અર્થવ્યવસ્થાના કારણે હજારો પાકિસ્તાનીઓ કાયદેસર અને ગેરકાયદેસર રીતે દેશ છોડવા માટે મજબૂર થયા છે. સ્થળાંતર કરનારમાં મુખ્યત્વે પૂર્વી પંજાબ અને ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના યુવાનો યુરોપમાં પ્રવેશવા માટે ઈરાન, લિબિયા, તુર્કી અને ગ્રીસના માર્ગનો ઉપયોગ કરે છે.

કરોડપતિ સ્ટાર્સ અને ખેલાડીઓ માટે ઉદાહરણ

ભારતીય ફૂટબોલ ટીમે રૂા. ૨૦ લાખ ટ્રેન અકસ્માતના રાહત ફંડમાં આપ્યા

ભુવનેશ્વર, તા.૧૯

સુનિલ છેત્રીની આગેવાની હેઠળની ભારતીય ફૂટબોલ ટીમે ફાઈનલમાં ૨-૦થી લેબનૉનને હરાવીને ઈન્ટરકોન્ટિનેન્ટલ કપ જીતી લીધો હતો. ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં ભારતીય ફૂટબોલ ટીમે મેળવેલી સફળતા બાદ ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે વિજેતા ટીમને રૂપિયા ૧ કરોડનું રોકડ ઈનામ આપવાની જાહેરાત કરી હતી. જે પછી ભારતીય ફૂટબોલ ટીમે ઈનામની રકમમાંથી ૨૦ લાખ રૂપિયા તાજેતરમાં બાલાસોરમાં થયેલા ટ્રેન અકસ્માતના અસરગ્રસ્તો માટે દાનમાં આપવાની જાહેરાત કરી હતી.

ઓડિશા સરકારે ઈન્ટરકોન્ટિનેન્ટલ કપ જીતવા બદલ ટીમને રૂા. ૧ કરોડ ઈનામમાં આપ્યા હતા

ભારતીય ફૂટબોલ ટીમે આ સાથે ટ્રેન અકસ્માત અંગે સોશિયલ મીડિયામાં માત્ર મેસેજ મુકીને સંતોષ માનનારા કરોડપતિ રમતવીરો અને સેલિબ્રીટીસ માટે ઉદાહરણ પુરુ પાડ્યું હતુ.

ભારતીય ફૂટબોલ ટીમના ટ્વિટર એકાઉન્ટ પર પોસ્ટ મૂકવામાં આવી હતી કે, અમારી સફળતા બાદ ઓડિશા સરકારે ટીમ માટે કરેલા રોકડ ઈનામની જાહેરાત કરી તે બદલ અમે આભારી છીએ. અમે ડ્રેસિંગરુમમાં સર્વસહમતીથી તત્કાળ નિર્ણય લીધો હતો કે, રૂપિયા ૨૦ લાખ ચાલુ મહિને જ થયેલી ટ્રેન અકસ્માતની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાના અસરગ્રસ્તોના રાહત અને પુનર્વસન માટે ડોનેટ કરવા.

જેમણે જીવ ગુમાવ્યા છે, તેની ખોટ તો ક્યારેય પુરાશે નહી, પણ અમારા આ નાનકડા પ્રયાસ થકી પરિવારનો આ મુશ્કેલ સમયમાં થોડી રાહત મળી શકશે.

મેક્સિકોમાં ભૂકંપ : રાત્રે બે વાગે આંચકાથી લોકોમાં ગભરાટ

મેક્સિકો સીટી, તા. ૧૯

ભારતના પર્વતીય વિસ્તારોમાં હજીએ સતત ધરા ધ્રૂજી રહી છે. તેવે સમયે મધ્ય અમેરિકાના સૌથી મોટા દેશ મેક્સિકોના તટ ઉપર આજે મોડી રાત્રે આશરે બે વાગે ભારે ભૂકંપ આવ્યો હતો. ભારતનાં 'રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર'માં તેની તીવ્રતા ૬.૩ની નોંધાઈ હતી.

મેક્સિકોમાં મે મહીનામાં પણ ભૂકંપના જોરદાર ઝટકા લાગ્યા હતા. એક તો કેરેબિયન સીમા આવ્યો હતો. જેની તીવ્રતા રીક્ટર સ્કેલ ઉપર ૬.૬ની મપાઈ હતી. જોકે તેથી કોઈ નુકશાન થયું ન હતું. ૧૬મી મેના દિવસે પણ એક ભૂકંપ આવ્યો હતો ત્યારે તીવ્રતા ૬.૪ આંકવામાં આવી હતી. આ ભૂકંપનું એપિ સેન્ટર ગ્વાટેમાલાના કેનિલા શહેરથી બે કી.મી. દૂર દક્ષિણ પૂર્વમાં હતું.

આ સિવાય જવાળામુખી વિસ્ફોટને લીધે પણ ધરતીકંપ થતો હોય છે. તે કરતાં મોટાભાગના ધરતીકંપો તો ટેકટોનિક પ્લેટ્સના અથડાવાથી જ થતા હોય છે, જ્યારે રીક્ટર સ્કેલ ઉપર ૭ની તીવ્રતાનો ધરતીકંપ નોંધાય છે, ત્યારે ભારે તબાહી થાય છે. ૮ અને ૯ તીવ્રતાના ધરતીકંપો તો વિનાશ વેરે છે. ૧૦ની તીવ્રતાના ધરતીકંપ મહદ્‌અંશે જ્વાળામુખી વિસ્ફોટ સાથે થાય છે.

FORM G
INVITATION FOR EXPRESSION OF INTEREST FOR NAMI STEEL PVT LTD OPERATING IN STEEL INDUSTRY AT SANAND, AHMEDABAD

Under Regulation 36A (1) of the Insolvency and Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016

RELEVANT PARTICULARS

1.	Name of the corporate debtor	**Nami Steel Private Limited** **CIN:** U27100GJ2012PTC071270 | **PAN:** AAECN0653R
2.	Address of the registered office	**Reg. office:** Survey No. 316-P, 317-P, 342-P & 343-P. Nano Ford Road, Opp. Chharodi Railway Station, Sanand, Ahmedabad, Gujarat – 382110.
3.	URL of website	https://namisteel.com/
4.	Details of place where majority of fixed assets are located	At the address mentioned in point no. 2

5. Installed capacity of main products/ service*

Sr. No.	Description	Melting induction	Melting cumulative with AOD*	Rolling	Bright bar
		Metric tonne per month			
1	Installed	2400	3100	4500	200

*AOD Melting (cumulative with Induction) can be achieved only in tandem with induction melting.

6. Quantity and value of main products/ services sold in last financial year Note1
As per provisional financial statements as on March 31, 2023:
Sale of Job Work: 11,135,911 Kgs having sale value Rs. 64,245,206/- excluding GST
Sale of products:
1. S.S. Billets: 571,545 Kgs having sale value Rs. 51,121,413/- excluding GST.
2. S.S. Rolled Flat: 557,895 Kgs having sale value Rs. 60,666,970/- excluding GST.
3. S. S. Rolled Round Bright Bars, S.S. Round Bar, S.S. Wire Rod: 9,85,050 Kgs having sale value Rs. 10,75,21,943/- excluding GST.
4. Others products: having sale value Rs. 1,23,21,080/- excluding GST.

7.	Number of employees/ workmen Note1	As on Insolvency Commencement Date: Employee/workers: 122 | Contract workers: 127
8.	Further details including last available financial statements (with schedules) of two years, lists of creditors, relevant dates for subsequent events of the process are available at:	**Physical address:** Naman Midtown, B Wing, 1106, 11th Floor, Behind Kamgar Kala Kendra, Senapati Bapat Marg, Elphinstone West, Mumbai City, Maharashtra, 400013 **Email Id:** cirpnamisteel@gmail.com Detailed Invitation for submission of EOI inter-alia comprising eligibility criteria and other requisite details will be available at https://namisteel.com/.
9.	Eligibility for resolution applicants under section 25(2)(h) of the Code is available at:	As mentioned in point no. 8 above
10.	Last date for receipt of expression of interest	July 10, 2023
11.	Date of issue of provisional list of prospective resolution applicants	July 20, 2023
12.	Last date for submission of objections to provisional list	July 25, 2023
13.	Process email id to submit EOI	Process specific email id: cirpnamisteel@gmail.com

Notes:
1. The plant is given on business conducting agreement to a party for operations from January 12, 2023 and the employees are engaged by the business conducting party in their operations.
2. The Resolution Professional ("RP") on the instructions of the Committee of Creditors ("COC") shall have discretion to change the criteria for the EOI at any point of time.
3. The RP / COC reserves the right to cancel or modify the process / application without assigning any reason and without any liability whatsoever.
4. Detailed invitation for expression of interest specifying eligibility criteria, ineligibility norms under section 29A of Code, last available financial statements (with schedules) of two years, lists of creditors, relevant dates for subsequent events of the process etc. is available at the Physical address provided in sr. no. 8 above and can also be requested through email on cirpnamisteel@gmail.com and is hosted on the website of the Corporate Debtor at https://namisteel.com/
5. The timeline is subject to any modification by CoC and extension/exclusion of CIRP period by Adjudicating Authority on application by RP on approval of CoC, if any.

Sd/-
Mr. Udayraj Patwardhan
IP Registration No.: IBBI/IPA-001/IP-P00024/2016-17/10057
Authorisation for assignment no. - AA1/10057/02/020124/105347
(valid till January 02, 2024)
Registered Address of the Resolution Professional:
Naman Midtown, B Wing, 1106, 11th Floor, Behind Kamgar Kala Kendra, Senapati Bapat Marg, Elphinstone West, Mumbai City, Maharashtra, 400013
Resolution Professional For Nami Steel Pvt. Ltd

Date: June 19, 2023
Place: Pune

જોઈએ છે
સાણંદમાં કન્સ્ટ્રકશન સાઈટ માટે
• સિવિલ એન્જિનિયર
• સુપરવાઈઝર • ઈલે.કોન્ટ્રાક્ટર
(મિનિમમ ૨/૩ વર્ષનો અનુભવ જરૂરી)
મો. 7984909626, 9825223951

બિહારના રોહતાસ જિલ્લાની કરુણ ઘટના

બીમાર પત્નીનું મોત થયા પછી પતિએ પણ પ્રાણનો ત્યાગ કર્યો

પટના, તા.૧૯

બિહારના રોહતાસ જિલ્લામાંથી એક કરુણ ઘટના સામે આવી છે. અહીં, એક વૃદ્ધ મહિલાના મૃત્યુના સમાચાર સાંભળ્યા બાદ તેમના પતિનું મૃત્યુ થઈ ગયું હતું. આ ઘટના બાદ પરિવાર સાથે પૂરા ગામડામાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

પતિ-પત્નીના અંતિમ સંસ્કાર એક જ ચિતા પર કરવામાં આવ્યા

મળતી માહિતી મુજબ, રોહતાસના ઈમ્ટિહા નામના ગામડામાં રહેતા ૬૦ વર્ષીય તિતરી દેવી છેલ્લા ઘણા દિવસોથી બીમાર હતાં. તેમનું હોસ્પિટલમાં મૃત્યુ થઈ ગયું હતું. પત્નીના મૃત્યુના સમાચાર સાંભળ્યા બાદ પતિ ગંગા સિંહનું પણ મૃત્યુ થયું છે.

થોડા કલાકોના અંતરમાં થયેલા બે મોત બાદ ગામડામાં માહોલ ગમગીન બની ગયો હતો. દંપતિની પુત્રીના જણાવ્યા અનુસાર, થોડા દિવસ પહેલા તેની માતાની તબિયત લથડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

માતાનું સારવાર સમયે મૃત્યુ થતાં તેમના અંતિમ સંસ્કારની તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન તેના પિતાને હાર્ટએટેક આવતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. તેમનું પણ મૃત્યુ થતા દંપતિના એક જ ચિતા પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતાં.

લુધિયાણામાં નેટફ્લિક્સની મની હેઈસ્ટ જેવી ઘટના

ઠંડા પીણાએ રૂ. ૮.૪૯ કરોડની લૂંટના માસ્ટરમાઈન્ડ કપલને જેલ હવાલે કર્યા

લુધિયાણા, તા.૧૯

લુધિયાણા શહેર તાજેતરમાં નેટફ્લિક્સની રોમાંચક ગુનાહિત થ્રિલર મની હેઈસ્ટ માટેનું મંચ બની ગયું હતું. અહીં, પોલીસે રૂ. ૮.૪૯ કરોડની લૂંટના સંબંધમાં આરોપી દંપતીને ઝડપી લીધું હતું. ભાગેડુ મનદીપ કૌર અને તેનો પતિ જસવિન્દર સિંહ તીર્થસ્થળ હેમકુંડ સાહિબથી પરત ફરતી વખતે પોલીસના ગાળિયામાં ફસાઈ ગયા હતાં.

ચોરીની સફળતા બાદ ભગવાનની માનતા પૂરી કરવાની લાલચમાં પોલીસની જાળમાં ફસાયા

પંજાબ પોલીસના જણાવ્યા અનુસાર, મનદીપ કૌર અને તેનો પતિ જસવિન્દર સિંહ લુધિયાણા ખાતેની કેશ મેનેજમેન્ટ ફર્મની ઓફિસમાં થયેલી લૂંટના મુખ્ય સૂત્રધારો છે. સશસ્ત્ર લૂંટારાઓએ ૧૦ જૂનના રોજ સીએમએસ સર્વિસિસની ઓફિસમાં ગાર્ડ પર હુમલો કર્યો હતો અને રૂ. ૮.૪૯ની રોકડ રકમની લૂંટ કરી હતી.

લુધિયાણા પોલીસ કમિશન મનદીપ સિંહ સિદ્ધુએ જણાવ્યું હતું કે લૂંટ બાદ, લૂંટનું માસ્ટરમાઈન્ડ કપલ તેમના મિશનની સફળતા માટે ભગવાનનો આભાર માનવા માટે શીખ ધર્મસ્થળ હેમકુંડ સાહિબની યાત્રા પર ગયું હતું. કપલને ઝડપી લેવા માટે ફ્રી ડ્રિંક્સ કિઓસ્કની સ્થાપના કરવામાં આવી હતી અને ફ્રૂટ ડ્રિંકના પેકેટ ભક્તોને આપવામાં આવ્યા હતા. તેમના માટે બિછાવેલી જાળથી અજાણ, દંપતી કિઓસ્ક પર આવ્યા, તેમના પેક લીધા, તેમના ચહેરાને ઉઘાડા પાડી અને ચૂસકી લીધી હતી. પોલીસે માસ્ટરમાઈન્ડ કપલને ઓળખી કાઢ્યા હતાં. તેઓએ દંપતીની પ્રાર્થના પૂરી થાય તેની રાહ જોઈ હતી, બાદમાં તેમની ધરપકડ કરી હતી.

'ગુરુદ્વારા એક્ટ'માં સુધારો કરી ભગવંત માન 'ગુરબાની'ના ફ્રી-ટેલીકાસ્ટ રાઈટ્સ આપશે

અમૃતસર, ચંડીગઢ, તા. ૧૯

'ગુરબાની'ના ફ્રી-ટેલીકાસ્ટ રાઈટ્સ આપવા માટે પંજાબની ભગવંત માન સરકાર 'શિખ-ગુરુદ્વારા એક્ટ'માં સુધારો કરી 'સુવર્ણ મંદિર'માં ગવાતી ગુરબાનીના ફ્રી-ટેલીકાસ્ટ રાઈટસ આપવાની છે. આજે (સોમવારે) મળેલી પંજાબ સરકારની કેબિનેટ મીટીંગમાં આ નિર્ણય લેવાયો હતો.

શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ એ વિરોધ કર્યો કહ્યું તે શિખોની ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ સમાન છે

વાસ્તવમાં 'શિખ-ગુરુદ્વારા એક્ટ' તો તે સમયની બ્રિટિશ સરકારના સમયમાં ઘડવામાં આવ્યો હતો. તેમાં પંજાબની વર્તમાન ભગવંત માન સરકાર સુધારા કરવા માગે છે. આ અંગે માને કહ્યું હતું કે, 'આ પ્રસ્તાવનો એજન્ડા આજે મળેલી કેબીનેટ મિટીંગમાં પસાર કરાયા પછી, જૂનની ૨૦મીએ મળનારા વિધાનસભાના વિશેષ સત્રમાં તે રજૂ કરવામાં આવશે. આ અંગે પંજાબ સરકાર દ્વારા પ્રસિદ્ધ કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે, 'મુખ્ય મંત્રી ભગવંત માનનાં નેતૃત્વ નીચેની પંજાબ સરકારે, અમૃતસર સ્થિત શ્રી હરમંદર સાહિબમાં ગવાતી પવિત્ર 'ગુરબાની'નું ફ્રી-ટુ-એર- ટેલીકાસ્ટ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.

જ્યારે માને કહ્યું હતું કે, આ નિર્ણય વિશ્વભરમાં પ્રસરેલા શિખોની લાગણીઓને લક્ષ્યમાં લઈ એક સિંગલ-ચેનલ ઉપરથી 'ગુરબાની' નિઃશુલ્ક ટેલીકાસ્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેથી વિદેશોમાં વસતા શિખો પણ ઘરે બેઠાં અમૃતસરનાં સુવર્ણ મંદિરમાં ગવાતી 'ગુરબાની'નો લાભ લઈ શકે.

બીજી તરફ શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિએ તેનો વિરોધ કરતાં કહ્યું છે કે તે શિખોની ધાર્મિક બાબતોમાં (સરકારી) હસ્તક્ષેપ સમાન છે.વાસ્તવમાં એક ખાનગી ચેનલ તો ગુરબાની ટેલીકાસ્ટ કરે જ છે. વાંધો સરકારની સત્તાવાર ચેનલ દ્વારા કરાતા ટેલીકાસ્ટ સામે હોય તેવું લાગે છે.

છત્તીસગઢમાંથી ત્રણ માઓવાદી ઝડપાયા

બિજાપુર,તા.૧૯

છત્તીસગઢના બિજાપુર જિલ્લામાંથી ટિફિન બોંબ સહિતના વિસ્ફોટકો સાથે ત્રણ માઓવાદીઓ ઝડપાઈ ગયા છે. તેઓ માર્ગમાં વિસ્ફોટકો ગોઠવી રહ્યા હતા તથા માઓવાદી પોસ્ટરો તથા બેનરો લગાવી રહ્યા હતા ત્યારે સુરક્ષા દળોએ એમને પકડી લીધા.સુરક્ષા દળોની સંયુકત ટુકડીએ શુક્રવારે હાથ ધરેલા સર્ચ ઓપરેશન દરમિયાન ઉપરોકત ત્રણ માઓવાદીઓને એમના ગામ પુસ્નાર પાસે ઝડપી લીધા હતા.

સેટેલાઈટ ઈમેજમાં અગલેગા ટાપુમાં લશ્કરી બાંધકામ જોવા મળતા અટકળો

ભારતે મોરેશિયસમાં લશ્કરી મથક બનાવ્યું: સેટેલાઈટ ઈમેજના આધારે દાવો

નવી દિલ્હી, તા. ૧૯

હિંદ મહાસાગરમાં આવેલા મોરેશિયસના અગલેગા ટાપુમાં લશ્કરી બાંધકામો જોવા મળતાં અનેક અટકળો થઈ રહી છે. એ બાંધકામ ભારતીય લશ્કરનું હોવાનો દાવો થઈ રહ્યો છે. સેટેલાઈટ ઈમેજ રજૂ થઈ છે, જેમાં લશ્કરી હેંગર સહિતનું બાંધકામ જોવા મળી રહ્યું છે. જોકે, ભારતે તે બાબતે કોઈ જ સત્તાવાર જાહેરાત કરી નથી.

લશ્કરી હેંગર, રન-વે ઉપરાંત ડ્રોન સર્વિલન્સ, લડાકુ વિમાનોને ઓપરેટ કરવા એર સ્ટ્રીપ તૈયાર : ભારતે સત્તાવાર કોઈ જાહેરાત કરી નથી

હિંદ મહાસાગરમાં આવેલા મોરેશિયસના અગલેગા ટાપુની ચર્ચા થઈ રહી છે. અગાઉ ઓસ્ટ્રેલિયન લશ્કરે દાવો કર્યો હતો કે મોરેશિયસમાં ભારતે લશ્કરી મથક બનાવ્યું છે. એ પછી મીડિયા અહેવાલોમાં પણ મોરેશિયસમાં ભારતના લશ્કરી મથકના દાવાઓ થયા હતા. ઓપન સોર્સ ઈન્ટેલિજન્સના લેટેસ્ટ દાવામાં કહેવાયું હતું કે ભારતે મોરેશિયસમાં નિર્માણ કરેલું લશ્કરી મથક હવે વપરાશ માટે તૈયાર છે.

સેટેલાઈટ ઈમેજમાં એક લશ્કરી હેંગર દેખાઈ રહ્યું છે. યુદ્ધ વિમાનો સહિતના લશ્કરી વાહનો અને સામગ્રી રાખવા માટે હેંગર બનાવવામાં આવે છે. વળી, હેંગરની આસપાસ એર સ્ટ્રીપ કે જે ડ્રોન સર્વેલન્સ અને લડાકુ વિમાનોને ઓપરેટ કરવા માટે વપરાય છે તે પણ તૈયાર હોવાનું કહેવાયું હતું. રન-વે, ટેક્સી વે ઉપરાંત અન્ય લશ્કરી જરૂરિયાત માટેના બાંધકામો પણ ટાપુ પર દેખાઈ રહ્યાં છે. એ બાંધકામ ભારતીય લશ્કરે હિંદ મહાસાગરમાં પક્કડ મજબૂત કરવા માટે બનાવ્યુ હોવાનું એકથી વધુ વખત કહેવાઈ રહ્યું છે, પરંતુ ભારત સરકારે તે બાબતે સમર્થન આપતું કે ખંડન કરતું કોઈ નિવેદન આપ્યું નથી.

અગલેગા ટાપુ મોરેશિયસના મુખ્ય ટાપુથી ૧૧૦૦ કિલોમીટર દૂર છે. અગલેગા મૂળ તો બે ટાપુમાંથી બનેલો એક ટાપુ છે. અગલેગા ટાપુમાં માત્ર ૩૦૦થી ૩૫૦ લોકો જ રહે છે. ટાપુમાં નાળિયેરના બગીચા છે અને લોકો માછલી પકડવાનો મુખ્ય વ્યવસાય કરે છે. આ ટાપુ વૈશ્વિક શિપિંગ રૂટમાં આવતો હોવાથી એનું સુરક્ષાની રીતે ઘણું મહત્ત્વ છે. દુનિયાનો ૩૫ ટકા સામાન આ માર્ગ પરથી નીકળે છે. ભારત પણ આ રસ્તેથી જ ઘણી આયાત કરે છે, પરિણામે ભારતની હાજરી આ ટાપુમાં હોય તો તેનાથી હિંદ મહાસાગરમાં પક્કડ મજબૂત બની શકે છે.

કારમાં રમત રમતમાં લોક થયેલો દરવાજો ખોલી ન શક્યાં

નાગપુરમાં ઘર પાસે જ કારમાં ગૂંગળામણથી ત્રણ બાળકોનાં મોત

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૧૯

નાગપુરમાં એક ભારે કરુણ ઘટનામાં રહસ્યમય રીતે ગુમ થઈ ગયેલા ભાઈ, બહેન સહિત ત્રણ બાળકના મૃતદેહ કારની અંદર મળી આવતા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. કારનો દરવાજો લોક થઈ જતા અંદર ફસાઈ ગયેલા ત્રણ માસૂમના ગરમી અને ગુંગળામણથી મોત નીપજ્યા હોવાનું કહેવાય છે.એવું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે કે આ બાળકો રમત રમતમાં કારમાં પેઠાં હશે. તે પછી કારનો દરવાજો ઓટોમેટિક લોક થઈ ગયો હશે જે આ બાળકોને ખોલતાં નહીં આવડ્યો હોય. જોકે, બંધ કારમાંથી તેમની બચાવની ચીકો કે કાર થપથપાવાના અવાજો પણ કોઈએ સાંભળ્યા ન હતા.

નાગપુરના ફારુકનગર વિસ્તારમાં રહેતા ચાર વર્ષીય તૌફિક ફિરોઝ ખાન, તેની છ વર્ષીય બહેન આલિયા, તથા છ વર્ષીય બહેનપણી આફરીન ઈરશાદ ખાન શનિવારે બપોરથી ગાયબ હતા.

બાળકો ઘરની નજીક મેદાનમાં રમવા ગયા હોવાનું તેમના માતા- પિતાને લાગ્યું હતું. તેઓ સાંજે ઘરે પાછા આવ્યા નહોતા. આથી પરિવારજનોએ પાચપાવલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.આ વિસ્તારની સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. પરંતુ ત્રણ બાળક ફારુકનગર કે આસપાસના વિસ્તારમાં ક્યાંય જોવા મળ્યા નહોતા.

જેના આધારે બાળકોનું અપહરણ કરવામાં આવ્યું ન હોવાનું પોલીસને માલૂમ પડ્યું હતું. પોલીસે ગઈકાલે સવારથી ફરી એકવાર સમગ્ર વિસ્તારમાં કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. ડોગ સ્કવોડની પણ મદદ લેવામાં આવી હતી.

બાળકોના ઘરથી અંદાજે ૫૦ મીટર દૂર પાર્ક કરાયેલી એસયુવીની તપાસ કરતા અંદર તેમના મૃતદેહો મળી આવ્યા હતા. આ ત્રણ માસૂમ રમતી વખતે કારની અંદર ગયા બાદ કદાચ દરવાજો લોક થઈ ગયો હશે. પછી ગરમી અને ગુંગળામણથી તેઓ મોતના મુખમાં ધકેલાઈ ગયા હોવાની શક્યતા છે.

પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન
ઈ-ટેન્ડર નોટિસ

ટેન્ડર નં. **RTM-GSU-SNT-23-04-2R**, તારીખ: **16-06-23.** ડિવિઝનલ રેલવે મેનેજર (ગતિશક્તિ) રતલામ, પશ્ચિમ રેલવે, ભારતના રાષ્ટ્રપતિ વતિ અને તરફથી નીચેના સિગ્નલીંગ અને ટેલીકોમ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રીત કરે છે. કામનું નામઃ એસએન્ડટી મટીરીયલની આપૂર્તિ, સ્થાપના, પરિક્ષણ, કમિશનીંગ રતલામ ડિવિઝનના શંભુપુરા, ગામભીરી રોડ સ્ટેશન વચ્ચે નીમચ-ચિત્તોડગઢ ડબલ લાઈન સેકશનમાં ઈન્ટરમીડીએટ બ્લોક સિગ્નલીંગ **(IBS)** પૂરા પાડવા સંબંધિત કાર્ય કામનું અંદાજીત ખર્ચ : રૂા. **17976651.51** ફક્ત રૂપિયા એક કરોડ ઓગણએસી લાખ છોત્તેર હજાર છસ્સો એકાવન અને એકાવન પૈસા) ટેન્ડર દસ્તાવેજની કિંમત : રૂા. **0** (શૂન્ય) અર્નેસ્ટમની ડિપોઝીટ : રૂા. **239900/-** પૂર્ણ કરવાનો ગાળો : છ **(06)** મહિના. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમીશન માટે બંધ થવાની તારીખ: **10-07-2023** ના **15.00** કલાક ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય : **10-07-2023** ના **15-30** કલાક. ઓફરની માન્યતા : **60** દિવસ, ટેન્ડર ખુલવાની, ટેન્ડર ઓન લાઈન ઈ-ટેન્ડર પોર્ટલ **www.ireps.gov.in** ઉપર જોઈ શકાશે. અને ઓફર આજ ઈ-ટેન્ડર પોર્ટલ ઉપર સબમીટ કરવાની રહેશે.

ડિવિઝનલ રેલવે મેનેજર (ગતિશક્તિ) પશ્ચિમ રેલવે, રતલામ

EXP/6/1/116

અમોને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન
E- ટેન્ડર સૂચના

GeM બીડ નં. **GEM/2023/B/3578642** તા. ૧૬-૦૬-૨૦૨૩. ભારતના રાષ્ટ્રપતિના બદલે, **Sr. DME-RTM,** પશ્ચિમ રેલ્વે, રતલામ વિભાગ, **GeM BID No.- GEM/2023/B/3578642.** તારીખ: ૧૬-૦૬-૨૦૨૩, નીચેના કામો માટે આમંત્રે છે. જો ખુલવાની તારીખ, "બંધ" હોય અથવા રજા, ટેન્ડર તેજ સમયે, બીજા કામના દિવસે ખોલવામાં આવશે. કામનું નામ તેના સ્થળ સાથે : ઈન્દોર રેલ્વે સ્ટેશન ઉપર પરિણામના આધારે ૦૨ વર્ષના ગાળા માટે યાંત્રિક સફાઈ ઘરકામ. કામની અંદાજિત કિંમત : રૂા. ૧૯૯૩૫૧૪૬.૭૪ (તમામ કર, લેવીસ, અને **GST** સાથે). અર્નેસ્ટ મની : રૂા. ૨૪૯૬૮૦.૦૦. કામ પુરૂ કરવાનો સમયગાળોઃ ૨ વર્ષ. ઓફિસનું સરનામું કે જ્યાંથી ટેન્ડર ખોલાશે : **Sr.DME-RTM** ની ઓફિસ, પશ્ચિમ રેલ્વે, રતલામ વિભાગ. ટેન્ડરના સબમિશન અને ખુલવાનો તારીખ અને સમયઃ બંધ સમયઃ ૧૦-૦૭-૨૦૨૩, ૧૮.૦૦ કલાક. ખુલવાનો સમયઃ ૧૦-૦૭-૨૦૨૩, ૧૮.૩૦ કલાક. વેબસાઈટની વિગતો અને નોટિસ બોર્ડનું સ્થાન : ટેન્ડરના દસ્તાવેજો. **GeM** ની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. બીજી કોઈપણ માહિતી, કે જે ટેન્ડરર ને જોઈતી હોય તો **Sr. DME-RTM** ની ઓફિસ પરથી કામના સમયે મેળવી શકાશે.

Sr. DME.
EXP/3/1/117 પશ્ચિમ રેલવે, રતલામ

અમોને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન
સ્પ્લિટ AC યુનિટ્સનું બદલીકરણ

ઈ-ટેન્ડર નોટીસ નં. સિની.ડીઈઈ/એડીઆઈ/17 (23-24) તા.14-06-2023. **ટેન્ડર નં.** ઈએલ-50-1-એડીઆઈ-ટી-47-2023-24, (1) **કામનું નામઃ** અમદાવાદ :- વય સહ સ્થિતિના આધાર પર 1.5 ટન ક્ષમતાના સ્પ્લિટ ટાઈપ 13 નંગ AC